સપ્ટેમ્બર-૨૦૨૪ અંતિત ત્રિમાસિક અહેવાલ
રજૂ કરવાની સમયમર્યાદા લંબાવવા બાબત


# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
Phone: (079) 232-58659
Website: https://gujrera.gujarat.gov.in


નંબર: ગુજરેરા/ઓર્ડર- ૯૭ તારીખ:૭/૧૦/૨૦૨૪

સંદર્ભ: ઓથોરીટીની તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ નોંધ ઉપર મળેલ મંજુરી.

## ઓર્ડર-૯૭

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ-૧૧(૧)(ઈ) તથા ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) ( મેટર્સ રીલેટીંગ ટુ ધી રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ) રૂલ્સ, ૨૦૧૬ ના રૂલ-૧૦(ડી) ની જોગવાઈઓ તથા ગુજરેરાના તા.૧૫/૦૧/૨૦૧૮ ના ઓર્ડર-૫ ની સુચના મુજબ દરેક પ્રમોટરે પોતાના રજીસ્ટર્ડ પ્રોજેકટ સંબંધી નિયત વિગતો ત્રિમાસીક અહેવાલ ગુજરેરાના પોર્ટલ પર નિયત સમયમાં રજુ કરવાની રહે છે.

અત્રેની કચેરી દ્વારા ત્રિમાસિક અહેવાલ(QPR) ભરવાના ફોર્મેટનું સરળીકરણ કરવાનું હોવાથી તા.૧૩-૦૯-૨૦૨૪ થી તા.૨૬-૦૯-૨૦૨૪ સુધી અત્રેની કચેરી દ્વારા તા.૦૭-૧૦-૨૦૨૪ સુધીમાં ભરવાપાત્ર ત્રિમાસિક અહેવાલ(QPR) ભરવાની સવલત સ્થિગત થયેલ હતી.જે બાબતે વિવિધ સ્તરેથી રજૂઆતોને ધ્યાને લઈ સપ્ટેમ્બર-૨૦૨૪ અંતિત ત્રિમાસિક અહેવાલ(QPR) તા.૦૭-૧૦-૨૦૨૪ સુધી રજૂ કરવાની સમયમર્યાદા ખાસ પરિસ્થિતિને ધ્યાને રાખીને-પૂર્વદષ્ટાંત તરીકે ન લેવાની શરતે-ખાસ કિસ્સામાં વધારીને તા.૨૨-૧૦-૨૦૨૪ સુધી લંબાવવામાં આવે છે.

સચિવ
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર